ગુજરાત સરકાર,

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

ઠરાવ ક્રમાંક:જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઈટી

સચિવાલય, ગાંધીનગર.

તા: ૨૫ – ૦૯ – ૨૦૦૭

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૧૦/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:આઈટીપી/૧૦૯૮/૧૨૭/આઈટીડી.
(૨) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૯/૮/૨૦૦૩નો ઠરાવ ક્રમાંક:આઈટીપી/૨૦૦૦/૨૦૩/આઈટીડી.

## આમુખ:

રાજ્ય સરકાર દ્વારા વંચાણમાં લીધેલ ક્રમાંક:(૧) આગળના ઠરાવથી ઈ–ગવર્નન્સ ક્ષેત્ર સહિતની ઈન્ફોર્મેશન ટેકનોલોજી નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો જે અન્વયે ત્રણ બ્રાન્ડના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેરને મંજુર કરવામાં આવેલ હતા. હાલમાં રૂપેણ, ઈન્ડીકા જેવા ગુજરાતી ફોન્ટસ સોફ્ટવેરોનો ઉપયોગ થઈ રહેલ છે. જયારે માઈક્રોસોફ્ટ કંપની દ્વારા પણ ગુજરાતી ફોન્ટ સહિતનું MS Office 2003 Indic સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. આ સોફ્ટવેર MS Office 2003 ના પેકેજ સાથે આવે છે અને તેને કારણે ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર માટે કોઈ વધારાનો ચાર્જ ચૂકવવાનો થતો નથી. રાજયની જુદી જુદી કચેરીઓમાં વિવિધ પ્રકારના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર વપરાશમાં હોવાને કારણે રાજય વહીવટમાં ઈ-ગવર્નન્સ ક્ષેત્રે એકસૂત્રતાનો પ્રશ્ન **વખતોવખત થાય છે. વળી હાલના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર યુનીકોડ સ્ટાન્ડર્ડ ઉપર ન હોવાથી તેના પણ પ્રશ્નો રહે છે. જયારે MS Office 2003 Indic સોફ્ટવેરમાં યુનીકોડ સ્ટાન્ડર્ડ સાથે ગુજરાતી ફોન્ટ ઉપલબ્ધ બને છે.** માઈક્રોસોફ્ટ દ્વારા વિકસાવવામાં આવેલ ગુજરાતી ફોન્ટ સહિતના સોફ્ટવેર અંગે ગુજરાતી ભાષાની વિવિધ જરૂરિયાતો ધ્યાને લેતાં ભાષા નિયામકશ્રીની કચેરી દ્વારા તેની ખૂબ વિગતવાર ચકાસણી કરવામાં આવી છે અને અનેક સુધારા વધારા સૂચવીને અંતે ભાષા નિયામકશ્રીની કચેરીએ MS Office 2003 Indic સોફ્ટવેરને સંપૂર્ણ ઉપયોગી ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે માન્ય ગણેલ છે. આમ, વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ રદ્દ કરવાની અને માઈક્રોસોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર MS Office 2003 Indic ને ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ રદ્દ કરી, પુખ્ત વિચારણા બાદ ઠરાવવામાં આવે છે કે રાજયના

વિવિધ વિભાગો/કચેરીઓની ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતી ભાષામાં થતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનીકોડ સ્ટાન્ડર્ડનું ગુજરાતી ભાષાનું સોફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં માઈક્રોસોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર "MS Office 2003 Indic" ને રાજયના "કોમન ગુજરાતી ભાષાના સોફ્ટવેર" તરીકે જાહેર કરવામાં આવે છે અને રાજયની દરેક કચેરીઓએ MS Office 2003 Indic માં ગુજરાતી કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. એસ. દવે)**
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

નકલ રવાના:

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી તથા રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- દરેક વિભાગના ખાતાના વડાઓ.
- દરેક કલેકટરશ્રીઓ.
- દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- દરેક જિલ્લા પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- દરેક જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- દરેક શાખાઓ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.૨૪૦૯૨૦૦૭